
ફાસ્ટ રિવિઝન
ફેબ્રુઆરી ૨૦૨૧
Most IMP
Current Affairs
www.crackgpsc.com
Crack G GPSC
TM

# ફેબ્રુઆરી ૨૦૨૧

## (૧ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૧)

## સ્પેશ્યલ થેન્ક્સ

**શ્રી એમ. કે. પ્રજાપતિ સાહેબ**

**(ડે. કલેક્ટર)**

**પોતાની વ્યસ્તતામાંથી પણ સમય કાઢીને વિદ્યાર્થીઓ માટે ફ્રી કરન્ટ અફેર્સ, વિવિધ વિષયોની નોટ્સ તથા સતત માર્ગદર્શન આપવા બદલ.**

## We are famous for…

**The Most IMP,**
**Authentic,**
**To the point,**
**Up to date**
**material**




## Most Imp Current Affairs

### 1 જાન્યુઆરી

- ભારતીય ક્રિકેટર અજિંક્ય રાણે પ્રતિષ્ઠિત ઓસ્ટ્રેલિયન મુલઘ મેડલ પ્રાપ્ત કરનાર પ્રથમ વ્યક્તિ બન્યા.
- છત્તીસગઢમાં દેશનો પ્રથમ ઇથેનોલ પ્લાન્ટ સ્થાપિત થશે.
- ક્રિસ્ટીયાનો રોનાલ્ડો ગ્લોબલ સોકર એવોર્ડ્સમાં 'પ્લેયર ઓફ ધ સેન્ચ્યુરી'થી સન્માનિત.
- ફ્રી સ્ટાઈલ રેસલર અંશુ મલિકે સર્બિયામાં આયોજિત ઈન્ડીવિજ્યુઅલ રેસલિંગ વર્લ્ડકપમાં સિલ્વર જીત્યો.
- રેલવે બોર્ડના ચેરમેન અને CEO વિનોદ કુમાર યાદવ એમિનન્ટ એન્જિનિયર એવોર્ડથી સન્માનિત.
- ઉત્તરાખંડમાં ભારતનો પ્રથમ પોલિનેટર પાર્ક શરૂ કરવામાં આવ્યો.

### 2 જાન્યુઆરી

- મીરા ઐયર દ્વારા લેખિત અભિનેતા સોનુ સૂદની આત્મકથા 'I am no Messaih'નું વિમોચન કરવામાં આવ્યું.
- કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધન GAVI (ગ્લોબલ એલાયન્સ ફોર વેક્સિન્સ એન્ડ ઈમ્યુનાઈઝેશન) બોર્ડના સભ્ય નિયુક્ત, જેઓ હવે 2021થી 2023 સુધી ભારતનું પ્રતિનિધિત્વ કરશે.
- લેહમાં ભારતના સૌથી ઊંચા મિટીઓરોજિકલ સેન્ટરની શરૂઆત કરવામાં આવી.
- મહારાષ્ટ્રનું પિંપરી ચિંચવાડ નગર નિગમ ભારતના પ્રથમ સોશિયલ ઇમ્પેક્ટ બોન્ડ બહાર પાડશે.
- ઓસ્ટ્રેલિયાએ પોતાના રાષ્ટ્રગાનમાં એક શબ્દ બદલીને 'for We Are Young and free'ને સ્થાને 'for We Are one and free' કર્યું.
- ભારતના મુકેશ અંબાણી અને જેક મા સહિત ચીની ટેક ટાઈટન્સના ગ્રુપને પાછળ છોડીને ચીનના ઝોંગ શાનશાન એશિયાના સૌથી અમીર વ્યક્તિ.
- બજાજ ઓટો 1 લાખ કરોડ રૂપિયાની માર્કેટ કેપ ધરાવતી વિશ્વની પ્રથમ ટુ-વ્હીલર કંપની બની.

### 3 જાન્યુઆરી

- વિશ્વ મોસમ વિજ્ઞાન સંગઠન (WMO), જિનેવાએ પટના મિટીયોરોલોજિકલ ઓબ્ઝરવેટરીને સેન્ચ્યુરી મિટીયોરોલોજિકલ ઓબ્ઝરવેટરીનો દરજ્જો આપ્યો.
- KIMS-USHALAKSHMI સેન્ટર ફોર બ્રેસ્ટ ડિસીઝના ડિરેક્ટર ડૉ. રઘુરામ પિલ્લરસેટ્ટી 'OBE-અધિકારી' સન્માનથી સન્માનિત. OBE (ઓર્ડર ઓફ ધ બ્રિટીશ એમ્પાયર) બ્રિટીશ સામ્રાજ્યનો બીજો સૌથી મોટો પુરસ્કાર છે.
- પાકિસ્તાન સરકાર પેશાવર સ્થિત બોલીવુડ અભિનેતા રાજ કપૂર અને દિલીપ કુમારના પૈતૃક ઘરોને ખરીદીને તેને સંગ્રહાલયમાં પરિવર્તિત કરશે.
- કઝાકિસ્તાને મૃત્યુ દંડની સજાને સમાપ્ત કરવાનો નિર્ણય કર્યો.
- સંજીબ બેનર્જી મદ્રાસ હાઇ કોર્ટના નવા ચીફ જસ્ટીસ નિયુક્ત.
- દ્રવિડ કઝગમના અધ્યક્ષ કે. વીરમણી ડૉ. નરેન્દ્ર દાભોલકર મેમોરિયલ એવોર્ડ -2020થી સન્માનિત.
- જાપાન સરકાર ઇન્ટેલિજન્સ એલાયન્સ 'ફાઇવ આઇઝ'માં સામેલ થશે. ફાઇવ આઇઝ ઓસ્ટ્રેલિયા, બ્રિટન, કેનેડા, ન્યુઝીલેન્ડ અને અમેરિકા એમ પાંચ દેશોનું નેટવર્ક છે, જેણે ઉત્તર કોરિયા અને ચીન દ્વારા વધતા જોખમ સામે યોગ્ય જવાબ આપવા માટે સંધિ કરી.

## 4 જાન્યુઆરી

- અમેરિકન કોંગ્રેસે પાકિસ્તાની મહિલાઓ માટે 'મલાલા યુસુફ્જાઇ સ્કોલરશિપ એક્ટ' પસાર કર્યો.
- એસ. મુરલીધર ઓડીસા હાઇ કોર્ટના ચીફ જસ્ટીસ નિયુક્ત.
- કેનેડાની 7 વર્ષીય રોરી વેન દુનિયાની સૌથી શક્તિશાળી છોકરી, જે 80 કિલો વજન ઊંચકવાની ક્ષમતા ધરાવે છે. અમેરિકાની સૌથી નાની વયની ચેમ્પિયન.
- ભારત એશિયા પ્રોટેક્ટેડ એરિયાઝ પાર્ટનરશીપ (APAP)નો ઉપાધ્યક્ષ દેશ બન્યો.
- તેમુર રાદજાબોવે એરથિંગ્સ માસ્ટર્સ ઓનલાઇન રેપિડ ચેસ ફાઇનલ્સનો ખિતાબ જીત્યો.

## 5 જાન્યુઆરી

- આશિષ પેઠે ઓલ ઇન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલ (GJC)ના ચેરમેન નિયુક્ત.
- બજાજ ઓટો વિશ્વની સૌથી મૂલ્યવાન ટુ-વ્હીલર કંપની બની.
- પંકજ મિથલ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ હાઇ કોર્ટના ચીફ જસ્ટીસ નિયુક્ત.
- ઉત્તરપ્રદેશમાં આકસ્મિક કર્તવ્યો માટે ગંગા નદીને કિનારે NDRFની પ્રથમ મહિલા ટીમ નિયુક્ત.

## 6 જાન્યુઆરી

- એલેકઝાન્ડર એલિસ ભારતમાં બ્રિટનના નવા હાઈ કમિશનર નિયુક્ત.
- સ્વદેશી રમકડાઓના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર દ્વારા ટોયકાથોન-2021નું આયોજન કરવામાં આવ્યું. ભારતને રમકડા ક્ષેત્રે વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર બનાવવા માટે આ પહેલ શરૂ કરવામાં આવી.
- ક્રિસ્ટીયાનો રોનાલ્ડો ઈંસ્ટાગ્રામ પર 250 મિલિયન ફોલોઅર્સ ધરાવનાર પ્રથમ વ્યક્તિ બન્યો.
- દક્ષિણ એશિયા જર્નલમાં પ્રકાશિત એક રિપોર્ટ અનુસાર દુનિયાના 130 શહેરોમાં કરવામાં આવેલ અભ્યાસ અનુસાર CCTV કવરેજ ધરાવતા શહેરોમાં ચેન્નાઈ શહેર પ્રથમ ક્રમે.

## 7 જાન્યુઆરી

- સંજય કપૂર ઓલ ઇન્ડિયા ચેસ ફેડરેશન (AICF)ના અધ્યક્ષ નિયુક્ત.
- ઓડીસામાં અગ્નિ સુરક્ષાના ઉપાયો માટે જાગૃતિ ફેલાવવા માટે દેશનું પ્રથમ ફાયર પાર્ક શરૂ કરવામાં આવ્યું.
- મધ્યપ્રદેશના ખંડવા જિલ્લામાં નર્મદા નદી પર દુનિયાનો સૌથી મોટો ફ્લોટિંગ સોલાર પ્લાન્ટ બનશે.
- ઓસ્ટ્રેલિયાની ક્લેયર પોલોસાક મેન્સ ટેસ્ટ મેચમાં ભાગ લેનાર પ્રથમ મહિલા મેચ ઓફિશિયલ બની.
- કરણ બાજવા ગુગલ ક્લાઉડના એશિયા પેસિફિક ક્ષેત્રના પ્રમુખ નિયુક્ત.

## 8 જાન્યુઆરી

- આદિત્ય પુરી ગ્લોબલ ફાર્મા કંપની સ્ટ્રાઇડ્સ ગ્રુપના સલાહકાર નિયુક્ત.
- બ્લૂમબર્ગ બિલિયનેર્સ ઇન્ડેક્સ અનુસાર ટેસ્લા ઇનકોર્પોરેટેડ અને સ્પેસએક્સના CEO એલન મસ્ક વિશ્વના સૌથી અમીર વ્યક્તિ બન્યા.
- અમેરિકન રાષ્ટ્રપતિ જો બિડેને ભારતીય અમેરિકન વનિતા ગુપ્તાને એસોસિટ એટર્ની જનરલ તરીકે પસંદ કરી.
- વિરેન્દ્ર કુમાર પોલ સોમાલિયામાં ભારતીય રાજદૂત નિયુક્ત.
- ભારતીય અમેરિકન ડૉ. રાજ ઐયર અમેરિકન સેનાના પ્રથમ મુખ્ય સૂચના અધિકારી (CIO) બન્યા.
- ભારતના પૂર્વ સ્ટ્રાઈકર અભિષેક યાદવ ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશનના પ્રથમ ઉપ મહાસચિવ બન્યા.

## 9 જાન્યુઆરી

- મધ્યપ્રદેશના મુરૈનામાં ખોદકામ દરમ્યાન ભગવાન વિષ્ણુની 11મી સદીની મૂર્તિ મળી આવી.
- કેન્દ્ર સરકારની સેન્ટ્રલ વિસ્ટા યોજના અંતર્ગત નવું સંસદભવન, કેન્દ્રીય સચિવાલય અને અન્ય સરકારી ઈમારતો બનશે.
- ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી લેખિત પુસ્તક 'ધ પ્રેસિડેન્શિયલ યર્સ' પ્રકાશિત, જેમાં પ્રણવ મુખર્જીએ ઉલ્લેખ કર્યો છે કે જો નહેરૂની મરજી હોત તો નેપાળ ભારતમાં જોડાઇ ગયું હોત.
- એર ઈન્ડિયાની સંપૂર્ણ મહિલા ટીમે વિશ્વના સૌથી લાંબા હવાઇ માર્ગ પર ઉત્તર ધ્રુવ પર સાનફ્રાંસિસ્કોથી બેંગલુરૂ સુધીનું 16,000 કિ.મી.નું અંતર કાપીને ઈતિહાસ સર્જ્યો. કોઇ મહિલા પાયલટ ટીમ દ્વારા પ્રથમ વખત ઉત્તર ધ્રુવ પર ઉડાન ભરવામાં આવી.
- ગુજરાત સરકારે અમરેલી જિલ્લામાં એક નવા બગસરા પ્રાંતની રચના કરવાનો નિર્ણય કર્યો.
- ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીનું નિધન. તેઓ નરેન્દ્ર મોદી બાદ બીજા સૌથી લાંબા સમય સુધી રાજ્યના મુખ્યમંત્રી તરીકે સેવા આપનાર વ્યક્તિ હતા.
- જે. વેંકટરામુ ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (IPPB)ના MD અને CEO નિયુક્ત.

## 10 જાન્યુઆરી

- 10 જાન્યુઆરી: વિશ્વ હિંદી દિવસ.
- ભારતીય અમેરિકન સબરીના સિંહ વ્હાઈટ હાઉસનાં ઉપ પ્રેસ સચિવ નિયુક્ત.
- ભારતીય મૂળના બ્રિટીશ મંત્રી આલોક શર્મા ગ્લાસગો (સ્કોટલેંડ)માં યોજાનાર સંયુક્ત રાષ્ટ્ર જળવાયુ શિખર સંમેલન COP26ના અધ્યક્ષ નિયુક્ત.
- હિમા કોહલી તેલંગાણા હાઈકોર્ટનાં પ્રથમ મહિલા ચીફ જસ્ટીસ નિયુક્ત.
- હરિયાણાના ન્યુ એટલીથી રાજસ્થાનના ન્યુ કિશનગંજ વચ્ચે ઇલેક્ટ્રિક ટ્રેક્શન દ્વારા સંચાલિત દુનિયાની પ્રથમ ડબલ સ્ટેક લોંગ હોલ કન્ટેનર ટ્રેન શરૂ કરવામાં આવી, જેની લંબાઈ 1.5 કિ.મી. છે.
- ફિલોમેના વાવાઝોડાથી સ્પેનમાં સૌથી ભારે હિમવર્ષા.

## 11 જાન્યુઆરી

- કેન્દ્ર સરકાર સમગ્ર દેશની શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઝમાં 'પોતાના બંધારણને જાણો' અભિયાન શરૂ કરશે.

- ઢાકા મેરેથોન-2021માં લદ્દાખ પોલીસનાં SPO જિગમેટ ડોલમાએ ચોથું સ્થાન મેળવ્યું. આ મેરેથોનની શરૂઆત ઈ.સ. 1972માં બંગબંધુ શેખ મુજીબુર્રહેમાનના પાકિસ્તાન જેલમાંથી બાંગ્લાદેશમાં પરત આવવા નિમિત્તે થઇ હતી.
- કોલસાની ખાણોના યોગ્ય સંચાલન માટેની મંજુરી ઓનલાઈન મેળવી શકાય તે માટે ગૃહ મંત્રી અમિત શાહે 'સિંગલ વિન્ડો ક્લિયરન્સ સિસ્ટમ' લોન્ચ કરી.
- પુણેની 5 વર્ષીય બાળકી પ્રેષા ખેમાનીએ 4 મિનીટ અને 17 સેકન્ડમાં 150 દેશોનાં નામ તેમની રાજધાનીઓ અને ઝંડા સહિત દર્શાવવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવીને વર્લ્ડ રેકોર્ડ્સ ઇન્ડિયા બુકમાં 'યંગેસ્ટ કિડ ટૂ આઇડેન્ટિફાઇ ફ્લેગ્સ એન્ડ કંટ્રી નેમ્સ'નો ખિતાબ જીત્યો.
- હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ-2021માં ભારતનો પાસપોર્ટ 85મા ક્રમે.

## 12 જાન્યુઆરી

- 12 જાન્યુઆરી: રાષ્ટ્રીય યુવા દિવસ. ઈ.સ. 1984થી સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી નિમિત્તે આ દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી. સ્વામી વિવેકાનંદનો જન્મ 12 જાન્યુઆરી, 1863ના રોજ કોલકાતામાં થયો હતો.
- નાસા દુનિયાનું સૌથી શક્તિશાળી રોકેટ 'સ્પેસ લોન્ચ સિસ્ટમ' (SLS) લોન્ચ કરશે, જે પ્રથમ મહિલા અંતરિક્ષ યાત્રીને ચંદ્ર પર લઇ જશે.
- તેનઝિન લેકપેલ BIMSTECના નવા મહાસચિવ નિયુક્ત.
- ગુજરાતના એકમાત્ર કચ્છ ક્ષેત્રમાં જોવા મળતા હેણોતરા પ્રાણીને કેન્દ્ર સરકારે લુપ્તપ્રાય પ્રાણી તરીકે જાહેર કર્યું. માત્ર કચ્છમાં જોવા મળતા આ પ્રાણીની સંખ્યા માત્ર 30 હોવાનો અંદાજ છે.
- રાજ્ય સરકારે બાંધકામ માટેની પરમિશન ઓનલાઈન આપવાનો નિર્ણય કરતાં ગુજરાત રાજ્ય ઓનલાઈન ડેવલપમેન્ટ પરમિશન આપનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું.
- અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું ટ્વિટર એકાઉન્ટ સસ્પેન્ડ થયા બાદ નરેન્દ્ર મોદી સૌથી વધુ ટ્વિટર ફોલોઅર્સ ધરાવનાર એક્ટીવ રાજનેતા બની ગયા.
- ભારતના ભૂતપૂર્વ સ્ટ્રાઈકર અભિષેક યાદવ AIFF (ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશન)ના પ્રથમ ડેપ્યુટી જનરલ સેક્રેટરી નિયુક્ત.

## 13 જાન્યુઆરી

- DRDOએ ભારતની પ્રથમ સ્વદેશી મશીન પિસ્ટલ 'ASMI' વિકસાવી.
- સદીર જાપારોવ કિર્ગીસ્તાનના નવા પ્રેસિડેન્ટ ચૂંટાયા.
- ઈતિહાસમાં પ્રથમ વખત કેન્દ્રીય બજેટ-2021 પેપરલેસ હશે.

- BCCIના સેક્રેટરી જય શાહ ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) બોર્ડની બેઠક માટે BCCIના સત્તાવાર પ્રતિનિધિ નિયુક્ત, જેઓ આ બેઠકમાં સૌરવ ગાંગુલીનું સ્થાન લેશે.
- કર્ણાટકના મંડ્યા જિલ્લામાંથી 1600 ટન લિથિયમનો જથ્થો મળી આવ્યો.

## 14 જાન્યુઆરી

- સાઉદી અરબના પ્રિન્સમહમદ બિન સલમાને સાઉદી અરબને વિશ્વનું પ્રથમ કાર-ફ્રી સિટી બનાવવાની જાહેરાત કરી. નિઓમ નામના આ પ્રોજેક્ટ અંતર્ગત 170 કિ.મી. લંબાઇ ધરાવતા 'ધ લાઈન' શહેરમાં કાર કે અન્ય વાહનો માટે રોડ નહિ હોય.
- ગુજરાતમાં ભારતની પ્રથમ લિથિયમ રીફાઇનરી સ્થાપવામાં આવશે. જે લિથિયમની કાચી ધાતુ (Lithium ore) પર પ્રક્રિયા કરી બેટરિ ગ્રેડ મટિરિયલ ઉત્પાદન કરશે. આ રિફાઇનરી માટે સૌથી મોટી નવીનકરણીય ઊર્જા કંપનીમાંથી એક મણિકરણ પાવર લિમિટેડ 1000 કરોડ રૂપિયાનું રોકાણ કરશે. આ રિફાઇનરી માટે લિથિયમ અયસ્કને ઓસ્ટ્રેલીયાથી આયાત કરવામાં આવશે.
- ભારતમાં લિથિયમ ઉત્પાદન માટે ઓસ્ટ્રેલીયાની નિયોમેટલ્સ અને ભારતની મણિકરણ પાવર લિમિટેડે કરાર કર્યા છે. ભારતમાં લિથિયમની ભવિષ્યની માંગ પરિવહનના વિધુતિકરણ અને નવીકરણીય ઉર્જાના ભંડારણથી પ્રેરિત છે. મણિકરણ ભારતની ત્રીજી સૌથી મોટી પાવર ટ્રેડીંગ કંપની છે. લિથિયમ એક દુર્લભ તત્વ છે અને તે ભારતમાંથી પ્રાપ્ત થતું નથી. ભારતે તાજેતરમાં જ બોલીવિયાઇ લિથિયમ ભંડાર સુધી પહીંચ સુનિશ્ચિત કરી છે. ભારતે વર્ષ 2030 સુધી ઇલેક્ટ્રીક વાહન સંખ્યાને 30% સુધી વધારવાનો મહત્વકાંક્ષી નિર્ણય કર્યો છે. જે માટે ભારત લિથિયમ આયન બેટરિ બનાવવા માટે આવશ્યક તમામ લિથિયમ નું આયાત કરી રહ્યું છે. વર્તમાનમાં ચીન વૈશ્વિક લિથિયમના 51% ને નિયંત્રિત કરે છે. બોલિવિયા પાસે વિશ્વનો ¼ લિથિયમ ભંડાર છે.
- ગુજરાતના કાકરાપારમાં 700 મેગાવોટ વીજ ઉત્પાદનની ક્ષમતા ધરાવતું દેશનું પ્રથમ સ્વદેશી પરમાણુ રીએક્ટર શરૂ.
- અમેરિકન સમાચારપત્ર ધ ન્યુયોર્ક ટાઈમ્સના 'Top places to visit in 2021'ના 52 સ્થળોની યાદીમાં ગુજરાતનું એકમાત્ર 'કડિયા ધ્રો' (કચ્છ) સ્થળ સામેલ. જે આ યાદીમાં ત્રીજા ક્રમાંકે છે. તે ઉપરાંત ભારતના નંદાદેવી અને લદ્દાખનો પણ આ યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે.
- કેન્દ્ર દ્વારા ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ શ્રેષ્ઠ રાજ્ય ચૂંટણી આયોગ એવોર્ડથી સન્માનિત.
- અમેરિકન જિયોફિઝિકલ યુનિયનના રીપોર્ટ મુજબ મંગળ ગ્રહ પોતાની ધરી પર અસંતુલિત રીતે ફરી રહ્યો છે, વૈજ્ઞાનિકો આ પ્રક્રિયાને 'ધ ચેંડલર વોબલ' કહે છે. મંગળ ગ્રહ સૌરમંડળમાં આ રીતે અસંતુલિત થઈને ફરનાર બીજો ગ્રહ બની ગયો. અગાઉ આપણી

પૃથ્વી જ પોતાની ધરી પર આ રીતે ફરતી હતી. આ સંશોધન લગભગ એક સદી પહેલાં વૈજ્ઞાનિક સેથ કાર્લો ચેંડલરે કર્યું હતું.

- કોચ્ચિના આર્મ રેસલર રાહુલ પનીકરે દુનિયાના સૌથી મજબૂત બોડી બિલ્ડર લેરી વ્હીલ્સને દુબઈમાં હરાવ્યો.

## 15 જાન્યુઆરી

- ક્રિસ્ટીયાનો રોનાલ્ડો ફૂટબોલ ઈતિહાસમાં સંયુક્ત-સર્વાધિક ગોલ કરનાર ખેલાડી બન્યો.
- પૂર્વ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બે વખત મહાભિયોગનો સામનો કરનાર પ્રથમ US રાષ્ટ્રપતિ બન્યા.
- પેટ જેલ્સિંગર ઇન્ટેલના નવા CEO નિયુક્ત, જેઓ બોબ સ્વાનનું સ્થાન લેશે.
- બાયજૂએ આકાશ એજ્યુકેશનલ સર્વિસીઝનું 7000 કરોડ રૂપિયામાં અધિગ્રહણ કર્યું.
- સંજય શાહ મોર્ગન સ્ટેનલીના ઇન્ડિયા બિઝનેસના હેડ નિયુક્ત.
- મનીષ ચૌહાણ પોર્ટુગલમાં ભારતીય રાજદૂત નિયુક્ત.
- 15 જાન્યુઆરી : ભારતીય સેના દિવસ. ઈ.સ. 1949માં આ દિવસે કે. એમ. કરિઅપ્પાએ ભારતીય ભૂમિદળના પ્રથમ ભારતીય સેનાપતિ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. તેમણે ભારતના અંતિમ બ્રિટીશ કમાન્ડર-ઇન-ચીફ જનરલ સર ફ્રાન્સિસ બુચરનું સ્થાન લીધું હતું.

## 16 જાન્યુઆરી

- અર્થતંત્રને વેગ આપવા માટે ડેન્માર્કે 0% વ્યાજદરની નીતિ અપનાવી.
- અમેરિકાનો ભારત સાથે પરિચય કરાવનાર લેખક વેદ મહેતાનું નિધન, અંધ હોવા છતાં તેમણે 24થી વધુ પુસ્તકો લખ્યાં.
- ગુજરાતના પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહના મૃત્યુ બાદ 2021માં 143 વર્ષે સિદ્ધપુરમાં પ્રથમ વખત ઉત્તરાયણ ઉજવાઈ.
- બ્રિટનના રાષ્ટ્રપતિ બોરીસ જોહસને કોરોનાના નવા સંસ્કરણને કારણે ભારતની યાત્રા રદ કરતાં હવે સૂરીનામ દેશના રાષ્ટ્રપતિ ચંદ્રિકાપ્રસાદ સંતોખી ભારતીય પ્રજાસત્તાક દિવસ-2021ના મુખ્ય અતિથિ બનશે.
- ભારતીય અમેરિકન ગરિમા વર્મા અમેરિકન ફર્સ્ટ લેડી જિલ બિડેનનાં ડિજિટલ ડિરેક્ટર નિયુક્ત.
- નેપાળના વિદેશ મંત્રી પ્રદીપ કુમાર ગ્યાલવી ભારતની યાત્રાએ.

## 17 જાન્યુઆરી

- હોલીવુડ ફિલ્મ ડિરેક્ટર સ્પાઈક લીની પુત્રી સેશેલ લી અને પુત્ર જેક્સન લી 78મા ગોલ્ડન ગ્લોબ્સ સમારોહના એમ્બેસેડર નિયુક્ત. સેશેલ અને જેક્સન આ દરજ્જો મેળવનાર પ્રથમ અશ્વેત ભાઈ બહેન બન્યા.
- અમેરિકન ડિજિટલ કંપની PayPal હોલ્ડીંગ ઇન્ક. ચીનમાં 100% નિયંત્રણ ધરાવનાર પ્રથમ વિદેશી ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ બની.
- ભારતીય ભૌતિક વિજ્ઞાની અને પદ્મશ્રી રોહિણી ગોડબોલે ફ્રાન્સના ઓંડ્રે નેશનલ ડુ મેરિટ થી સન્માનિત, જેઓ IISc-બેંગલુરૂમાં પ્રોફેસર છે.
- ઇન્ડોનેશિયામાંથી દુનિયાની સૌથી જૂની ગુફા ચિત્રકલાની શોધ કરી, જે અંદાજે 45,000થી વધુ વર્ષ જૂની છે, આ ચિત્રકલામાં ઇન્ડોનેશિયાના સુલાવેસી દ્વીપનું એક સ્થાનિક જંગલી સુવર છે.
- ઓરિસ્સા રાજ્યએ પોતાની પરિયોજના JAGA મિશન માટે જનાગ્રહ સિટી ગવર્નન્સ એવોર્ડ્સમાં સર્વશ્રેષ્ઠ રાજ્યનો પુરસ્કાર જીત્યો.
- ફિએટ ક્રિસ્લર વિપ્રો સાથે મળીને હૈદરાબાદમાં પોતાનું પ્રથમ ગ્લોબલ ડિજિટલ હબ 'FCA ICT ઇન્ડિયા' શરૂ કરશે.
- બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશનની વર્લ્ડ જુનિયર રેન્કિંગમાં ભારતીય શટલર વરૂણ કપૂર અને સામિયા ઇમાદ ફારૂકી ટોપ-10માં સામેલ.
- જનજાતીય બાબતોના અર્જુન મુંડા ઇ-ગવર્નન્સ માટે SKOCH ચેલેન્જર એવોર્ડથી સન્માનિત.

## 18 જાન્યુઆરી

- બાયોકોનનાં કાર્યકારી અધ્યક્ષ કિરણ મજૂમદાર શો US ઇન્ડિયા બિઝનેસ કાઉન્સિલ (USIBC)નાં ઉપાધ્યક્ષ નિયુક્ત.
- રવિ ગાયકવાડ નેલ્શન મંડેલા વર્લ્ડ માનવતાવાદી પુરસ્કારથી સન્માનિત.
- ભારતીય સેનાના મેજર અનુપ મિશ્રાએ દુનિયાનું પ્રથમ ફ્લેક્સિબલ બુલેટપ્રૂફ જેકેટ વિકસાવ્યું.
- ફિજી સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદ (UNHRC)નો અધ્યક્ષ દેશ બન્યો.
- સંદીપ અગ્રવાલ ટેલિકોમ ઇક્વિપમેંટ એન્ડ સર્વિસીસ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (TEPC)ના અધ્યક્ષ નિયુક્ત.
- આંતરરાષ્ટ્રીય આતંકવાદીઓને સહાય કરતા ક્યૂબાને અમેરિકાના સ્ટેટ ડીપાર્ટમેન્ટે Terrorism sponsor state તરીકે જાહેર કર્યું.
- ગુજરાત રાજ્ય પરિવહન નિગમ સતત ત્રીજી વખત કેન્દ્ર સરકાર દ્વારા સૌથી સલામત બસ સેવાના પુરસ્કારથી સન્માનિત.

- ન્યુઝીલેન્ડની મહિલા ક્રિકેટર સોફી ડેવાઈ 36 બોલમાં સદી ફટકારીને T20માં સૌથી ઝડપી સદી બનાવનારી મહિલા ક્રિકેટર બની.

## 19 જાન્યુઆરી

- ગાંધીનગરમાં ભારતનું સૌપ્રથમ એન્ટી સાયબર બુલિંગ યુનિટ શરૂ કરવામાં આવ્યું.
- અમેરિકાએ બહેરીન અને UAEને પોતાના ચીફ સ્ટ્રેટેજિક પાર્ટનર બનાવ્યા.
- કેન્દ્રીય શિક્ષણ મંત્રી રમેશ પોખરીયલ (નિશંક) તેમના સાહિત્યિક યોગદાન માટે કેનેડાના હિંદી રાઈટર્સ ગિલ્ડ દ્વારા 'સાહિત્ય ગૌરવ સન્માન' થી સન્માનિત.
- કેરળના અલાપ્પુઝામાં ભારતનું પ્રથમ 'લેબર મૂવમેન્ટ મ્યુઝિયમ' બનશે, જે વિશ્વ શ્રમ આંદોલનના ઈતિહાસને દર્શાવશે.
- વડાપ્રધાન મોદીએ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' (કેવડીયા) માટેની કનેક્ટિવિટીને પ્રોત્સાહન આપવા માટે દેશના અલગ અલગ સ્થળોને ગુજરાત સાથે જોડવા માટે આઠ ટ્રેનોની સેવા શરૂ કરી, જે કેવડિયાને વારાણસી, દાદર, અમદાવાદ, હઝરત નિઝામુદ્દીન, રીવા, ચેન્નાઈ અને પ્રતાપનગર સાથે જોડશે.
- કેવડિયા રેલવે સ્ટેશન ગ્રીન બિલ્ડિંગ સર્ટીફીકેશન ધરાવતું ભારતનું પ્રથમ રેલવે સ્ટેશન છે.
- ભારત COVID-19 વિરૂદ્ધના રસીકરણના પ્રથમ દિવસે સૌથી વધુ રસી આપનાર દેશ બન્યો, જે અંતર્ગત આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, કેરળ, કર્ણાટક, મણીપુર અને તમિલનાડુ એમ છ રાજ્યના લોકોને રસી અપાઈ. દેશમાં બે દિવસમાં 2.24 લાખ લોકોને રસી અપાઈ, જેમાં માત્ર 0.20% એટલે કે 447 લોકોમાં જ સામાન્ય આડઅસરો દેખાઈ.

## 20 જાન્યુઆરી

- દેશના પ્રખ્યાત શાસ્ત્રીય સંગીતકાર પદ્મ વિભૂષણ ગુલામ મુસ્તફાનું નિધન, જેઓ લતા મંગેશકર, આશા, એ. આર. રહેમાન, શાન અને સોનુ નિગમ જેવા દિગ્ગજોના ગુરૂ હતા.
- દેશના 31 મુખ્યમંત્રીઓની કાર્યદક્ષતા અંગે કરાયેલ સર્વે 'IANS-C  વોટર સ્ટેટ ઓફ ધ નેશન-2021' મુજબ  ઓડીસાના મુખ્યમંત્રી નવીન પટનાયક દેશના સૌથી શ્રેષ્ઠ મુખ્યમંત્રી, બીજા ક્રમે અરવિંદ કેજરીવાલ (દિલ્હી) અને ત્રીજા ક્રમે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી જગનમોહન રેડ્ડી. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી દસમા ક્રમે.
- કેન્દ્રની નવી શિક્ષણ નીતિ અંતર્ગત UGC દ્વારા દેશની યુનિવર્સિટીઓને આંતરરાષ્ટ્રીય બાબતોને લગતી ઓફિસ ફોર ઇન્ટરનેશનલ અફેર્સ શરૂ કરવાનો આદેશ.
- ગાંધીનગરના ઉવારસદમાં વાવના મહત્વને દર્શાવતું ઇન્ટરપ્રિટેશન સેન્ટર બનાવવામાં આવશે.

- ગુજરાતની 'સરદાર કૃષિ નગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી'ને કાંકરેજ દેશી ગાયના શ્રેષ્ઠ સંવર્ધન માટે શ્રેષ્ઠ નસલ રાષ્ટ્રીય એવોર્ડ આપવામાં આવ્યો.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના સોમનાથ મંદિર ટ્રસ્ટના નવા અધ્યક્ષ નિયુક્ત. આ પદ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના નિધન બાદ ખાલી પડ્યું હતું.

## 21 જાન્યુઆરી

- 21 જાન્યુઆરી: મેઘાલય, મણીપુર અને ત્રિપુરાનો રાજ્યનો સ્થાપના દિવસ. પૂર્વોત્તર ક્ષેત્ર (પુન:રચના) અધિનિયમ-1971 અંતર્ગત 21 જાન્યુઆરી, 1972ના રોજ આ ત્રણેય રાજ્યોને રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો હતો.
- કેન્દ્ર દ્વારા સ્વચ્છ ઊર્જા અંગે જાગૃતિ લાવવા માટે 'SAKSHAM' નામનું જન જાગૃતિ અભિયાન શરૂ કરાયું.
- નારાયણ હેલ્થના સંસ્થાપક અઝીમ પ્રેમજી પ્રેસ ક્લબ ઓફ બેંગ્લોર પુરસ્કારથી સન્માનિત.
- રમતગમત મંત્રી કીરેન રીજીજુને આયુષ મંત્રાલયનો વધારાનો કાર્યભાર આપવામાં આવ્યો.
- ભાવના કાંથ પ્રજાસત્તાક દિવસ-2021ની પરેડમાં ભાગ લેનાર પ્રથમ મહિલા ફાઈટર પાયલોટ બનશે.
- યોવેરી મુસેવની સતત છઠ્ઠી વખત યુગાન્ડાના પ્રેસિડેન્ટ ચૂંટાયા.
- વિશ્વવીર આહુજા ફરીથી RBL બેંકના MD અને CEO નિયુક્ત.

## 22 જાન્યુઆરી

- નઝારા ટેક્નોલોજિસ માર્કેટમાં IPO ફાઈલ કરનાર પ્રથમ ભારતીય ગેમિંગ ટેકનોલોજી કંપની બની.
- IDFC ફર્સ્ટ બેંક લિ. વ્યાજ મુક્ત રોકડ આપનાર પ્રથમ બેંક બની, જે ક્રેડિટકાર્ડ પર વિના વ્યાજે રોકડા નાણા આપશે અને 48 દિવસ સુધી કોઈ વ્યાજ વસૂલ નહિ કરે.
- UNના રિપોર્ટ અનુસાર પોતાના દેશથી બહાર રહેનાર 18 મિલિયન લોકો સાથે ભારતીય પ્રવાસીઓ દુનિયામાં સૌથી વધુ.
- ગુજરાત સરકાર ડ્રેગન ફ્રૂટનું નામ બદલીને કમલમ રાખશે.
- ભારતે ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બનમાં આયોજિત બોર્ડર ગાવસ્કર ટ્રોફી જીતી.
- ભારતીય ચેસ ખેલાડી નિહાલ સરીને ગજપ્રોમ બ્રિલીયંસી પુરસ્કાર જીત્યો.
- સ્વાધ્યાય પરિવારના જયશ્રી દીદીના પતિ ડૉ. શ્રીનિવાસ તલવલકર (રાવ સાહેબ)નું નિધન.

## 23 જાન્યુઆરી

- રાજીવ લોચન સુંદરમ ફાયનાન્સના નવા MD નિયુક્ત.
- છ વર્ષમાં પ્રધાનમંત્રી જન ધન ખાતાની સંખ્યા 41 કરોડથી વધુ.
- કેરોલિના મારિને યોનેક્સ થાઇલેન્ડ ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટ-2021 જીતી.
- ગ્લોબલ ફાયર પાવર ઇન્ડેક્સ-2021ના રિપોર્ટ અનુસાર અનુક્રમે અમેરિકા, રશિયા અને ચીન બાદ ભારતીય સેના વિશ્વની ચોથી સૌથી શક્તિશાળી સેના.
- નેશનલ અચિવમેન્ટ સર્વે મુજબ દિલ્હીની સરકારી સ્કુલ દેશમાં સૌથી શ્રેષ્ઠ સ્કુલ.
- નીતિ આયોગના ઇન્ડિયા ઇનોવેશન ઇન્ડેક્સમાં કર્ણાટક રાજ્ય પ્રથમ સ્થાને. ગુજરાત 23.63ના સ્કોર સાથે આઠમા ક્રમે.
- હાવડા-કાલકા મેલનું નામ બદલીને નેતાજી એક્સપ્રેસ રાખવામાં આવ્યું.
- 23 જાન્યુઆરી: નેતાજી સુભાષચંદ્ર બોઝ જયંતી. વર્ષ 2020માં તેમની જન્મજયંતી નિમિત્તે વારાણસીમાં નેતાજીના નામે મંદિર શરૂ કરવામાં આવ્યું, જેના મુખ્ય પૂજારી એક દલિત મહિલા છે અને આ મંદિરમાં ભારત માતાની પૂજા થાય છે.

## 24 જાન્યુઆરી

- સિદ્ધાર્થ મોહંતી LICના નવા MD નિયુક્ત.
- ફેડરેશન બેંકના CEO અને MD શ્યામ શ્રીનિવાસ બિઝનેસ સ્ટાન્ડર્ડ બેંકર ઓફ ધ યર: 2019-20ના ખિતાબથી સન્માનિત.
- સંજીવ કુમાર ટેલિકોમ્યુનિકેશન્સ કન્સલ્ટન્ટ ઇન્ડિયા લિ.ના CMD નિયુક્ત.
- ફ્યુચર્સ ઇન્ડસ્ટ્રી એસોસિએશનના રીપોર્ટ મુજબ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિ. (NSE) વર્ષ 2020માં દુનિયાનું સૌથી મોટું ડેરિવેટીવ એક્સચેન્જ બન્યું.
- જુવેન્ટ FCએ નેપોલી ટીમને હરાવીને ઇટાલીયન સુપર કપનો ખિતાબ જીત્યો.
- 24 જાન્યુઆરી: રાષ્ટ્રીય બાલિકા દિવસ. બાળ જાતિપ્રમાણ અંગે જાગૃતિ લાવવા અને બાલિકાઓના સશક્તિકરણને પ્રોત્સાહન આપવાના હેતુથી 2008થી આ દિવસ ઉજવાય છે.
- ઇન્ફોસિસને ડેટા એન્ડ એનાલિટિક્સ સ્પેસમાં ગુગલ ક્લાઉડ પાર્ટનરનો દરજ્જો આપવામાં આવ્યો.

## 25 જાન્યુઆરી

- ગુજરાતના સાણંદમાં ભારતના સૌથી મોટા મલ્ટી મોડલ લોજિસ્ટિક પાર્કની સ્થાપના થશે.
- વૈજ્ઞાનિક પ્રકાશન બાબતે ચીન અને અમેરિકા બાદ ભારત ત્રીજા ક્રમે.
- ક્રિસ્ટીયાનો રોનાલ્ડો પોતાના 760મા ગોલ સાથે ફૂટબોલ ઇતિહાસમાં સૌથી વધુ ગોલ કરનાર ફૂટબોલર બન્યો.

- વિશ્વને ખતરનાક પરમાણુ હથિયારોમાંથી મુક્તિ અપાવવા માટે સંયુક્ત રાષ્ટ્રની પ્રથમ સંધિ 'પરમાણુ હથિયાર નિષેધ સંધિ' લાગુ થઇ, જેને અત્યારસુધીમાં 61 દેશોનું સમર્થન મળ્યું. ભારત સહીત અમેરિકા, રશિયા, બ્રિટન, ચીન, પાકિસ્તાન, જાપાન, ઉત્તર કોરિયા જેવા અનેક દેશોએ આ સંધિને સમર્થન નથી આપ્યું.
- રાષ્ટ્રીય બાલિકા દિવસ નિમિત્તે શ્રુષ્ટિ ગોસ્વામી એક દિવસ માટે ઉત્તરાખંડની બાળ મુખ્મંત્રી બની.
- જસ્ટિસ ગીતા મિત્તલ બ્રોડકાસ્ટિંગ કન્ટેન્ટ કમ્પલેન્ટ્સ કાઉન્સિલ (BCCC)નાં અધ્યક્ષ નિયુક્ત.
- 25 જાન્યુઆરી: રાષ્ટ્રીય મતદાતા દિવસ. આ દિવસ ભારતના ચૂંટણી પંચના સ્થાપના દિવસનું પ્રતિક છે. ઈ.સ. 1950માં આ દિવસે ચૂંટણી પંચની સ્થાપના થઇ હતી.

## 26 જાન્યુઆરી

- ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટીલાઇઝર્સ કો-ઓપ લિ. (IFFCO) દુનિયાની 300 અગ્રણી સહકારી સમિતિઓમાં ટોચના સ્થાને.
- જયપુર સ્થિત રાજસ્થાન પોલીસ એકેડમીને વર્ષ 2019-20 માટે દેશમાં ગેઝેટેડ અધિકારીઓને તાલીમ આપવા બાબતે સર્વશ્રેષ્ઠ સંસ્થાનો દરજ્જો આપવામાં આવ્યો.
- ઇન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસ (ITBP) ટીમે ગુલમર્ગ (જમ્મુ-કાશ્મીર)માં આયોજિત 10મી રાષ્ટ્રીય આઇસ હોકી ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો.
- પીયુષ ઠક્કર ક્વોંટમ એડવર્ટાઇઝર્સના CEO નિયુક્ત.
- 26 જાન્યુઆરી: 72મો પ્રજાસત્તાક દિવસ. ગુજરાત રાજ્ય કક્ષાની ઉજવણી દાહોદ ખાતે કરવામાં આવી.
- ગોવામાં આયોજિત 51મા ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલ ઓફ ઇન્ડિયા (IFFI)માં ડેન્માર્કની ફિલ્મ 'ઇનટૂ ડાર્કનેસ'એ પ્રતિષ્ઠિત ગોલ્ડન પીકોક એવોર્ડ જીત્યો. બિસ્વજીત ચેટરજીએ ઇન્ડિયન પર્સનાલિટી ઓફ ધ યરનો ખિતાબ જીત્યો.
- ગુજરાતના તમામ ટ્રાફિક પોલીસના કર્મચારીઓના યુનિફોર્મમાં બોડી કેમેરા ફીટ કરવામાં આવશે, જે દ્વારા રોડ પર ટ્રાફિક નિયમન અને અન્ય નિયમોના પાલન માટે થતી પ્રક્રિયા કંટ્રોલ રૂમના અધિકારીઓ જોઇ શકશે.
- મોઢેરા સૂર્યમંદિર ખાતે ઉત્તરાર્ધ મહોત્સવ ઉજવાયો, જે ઉત્તરાયણ બાદ પ્રથમ શનિવાર અને રવિવારના રોજ ઉજવાય છે.
- 25 જાન્યુઆરીના રોજ એનાયત કરવામાં આવેલ 119 પદ્મ પુરસ્કારોમાં ગુજરાતના 8 મહાનુભાવો સામેલ, જેમાં મહેશ-નરેશ કનોડિયા, ફાધર વાલેસને મરણોત્તર પદ્મ શ્રી અને

પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલને મરણોત્તર પદ્મ ભૂષણ તથા દાદુદાન ગઢવી, ચંદ્રકાંત મહેતાને પદ્મ શ્રી એનાયત.

## 27 જાન્યુઆરી

- સ્પેસએક્સે એક જ રોકેટ 'ફાલ્કન 9' દ્વારા 143 ઉપગ્રહોને લોન્ચ કરીને એક નવો વિશ્વ વિક્રમ સર્જ્યો.
- મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ કે સંગમાએ ખાસી હિલ્સ જિલ્લાના સોહબર ખાતે ભારતના સૌથી લાંબા માર્ગ કમાન પુલ 'Wahrew Bridge'નું ઉદઘાટન કર્યું.
- ભારતીય રેલવેએ સાઉથ ઈસ્ટ સેન્ટ્રલ ઝોનમાં 3.5 કિ.મી. લાંબી ટ્રેન 'વાસુકી' સંચાલિત કરીને અત્યાર સુધીની સૌથી લાંબી ફ્રેઈટ ટ્રેનનો રેકોર્ડ બનાવ્યો.
- ગુજરાતની સ્કેટિંગ ક્વીન ખુશી પટેલ પ્રતિષ્ઠિત 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર'થી સન્માનિત.
- 8 વર્ષથી વધુ જુના વાહનો પર ગ્રીન ટેક્સ લગાવવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય.
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝથી આગળ નીકળીને ટાટા કન્સલ્ટન્સી સર્વિસીઝ (TCS) મૂડી કેપિટલના આધારે દેશની સૌથી મૂલ્યવાન કંપની બની.
- ભારતીય-અમેરિકન સીન દેસાઇ અમેરિકાની ફૂટબોલ લીગ નેશનલ ફૂટબોલ લીગ (NFL)ના કો-ઓર્ડીનેટર બનનાર પ્રથમ દક્ષિણ એશિયન વ્યક્તિ બન્યા.
- ચૂંટણીમાં ઇન્ફોર્મેશન ટેકનોલોજીના અમલીકરણ માટે ચીફ ઈલેક્શન અધિકારી ઓફિસ, મેઘાલય નેશનલ એવોર્ડ ફોર બેસ્ટ ઇલેક્ટોરલ પ્રેક્ટિસીસ-2020થી સન્માનિત.

## 28 જાન્યુઆરી

- અભિનેતા અક્ષય કુમારે મોબાઈલ એક્શન ગેમ 'ફિયરલેસ એન્ડ યુનાઇટેડ ગાર્ડ્સ' (FAU-G) લોન્ચ કરવાની ઘોષણા કરી.
- નેપાળના ચૂંટણી પંચે કોમ્યુનિસ્ટ પાર્ટીના દળોને માન્યતા ન આપી.
- UNના 20 સભ્યના ઉચ્ચ સ્તરીય એડવાઇઝરી બોર્ડમાં ભારતીય અર્થશાસ્ત્રી જ્યોતિ ઘોષ સામેલ. આ બોર્ડ કોરોના બાદ વિશ્વ સમક્ષ આવેલ પડકારોનો સામનો કેવી રીતે કરવો તે અંગે માર્ગદર્શન આપેશે. જ્યોતિ ઘોષ JNUમાં 35 વર્ષ સુધી અર્થશાસ્ત્ર ભણાવી ચૂક્યા છે.
- પર્યાવરણ થિંક ટેંક જર્મન વોચના ગ્લોબલ ક્લાઈમેટ રિસ્ક ઇન્ડેક્ષ-2021 મુજબ ક્લાઈમેટ ચેન્જથી પ્રભાવિત ટોચના 10 દેશોમાં ભારત સાતમાં ક્રમે. મોઝામ્બિક પ્રથમ ક્રમે.
- UNના અહેવાલ મુજબ ભારતમાં 2020માં FDIમાં 13% વધારો.
- રીફોર્મ પાર્ટીનાં કાજા ક્લેસ એસ્ટોનિયાનાં પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યાં.
- જે. કે. શિવન ધનલક્ષ્મી બેંકના MD અને CEO નિયુક્ત.

- જેનેટ યેલન અમેરિકાનાં પ્રથમ મહિલા ટ્રેઝરી સચિવ નિયુક્ત.
- ઇન્ફો ઇન્સ્ટીટ્યુટના એક રીપોર્ટ મુજબ જર્મની કરતાં આગળ નીકળીને ચીન વિશ્વનું સૌથી મોટું કરન્ટ એકાઉન્ટ સરપ્લસ બન્યું.
- 28 જાન્યુઆરી: લાલા લજપત રાય જયંતી.

## 29 જાન્યુઆરી

- USA દ્વારા આયોજિત અલ્બાટ્રોસ ગોલ્ફ ટૂર્નામેન્ટમાં અમદાવાદની તવીષા પટેલ 18 ગોલથી વિજેતા બની.
- સુરતની દાઉદી વ્હોરા મહિલા દુરૈયા તપિયાએ 35 દિવસીય દેશવ્યાપી ટ્રક રાઇડ શરૂ કરી, જેનો ઉદ્દેશ્ય દેશભરમાં સ્વચ્છ ભારત અભિયાન, મહિલા સશક્તિકરણ અને આત્મ નિર્ભર ભારત મિશન સહિત કોવિડ-19થી સુરક્ષિત રહેવાના સંદેશને ફેલાવવાનો છે.
- લેટેસ્ટ ICC વન ડે રેન્કિંગમાં વિરાટ કોહલી અને રોહિત શર્માએ અનુક્રમે પ્રથમ અને બીજો ક્રમાંક મેળવ્યો.
- રીતેશ તિવારી હિંદુસ્તાન યુનિલીવર લિ.ના આગામી CFO (ચીફ ફાયનાન્સ ઓફિસર) નિયુક્ત.
- Mi ઇન્ડિયાએ લોકપ્રિય અભિનેતા સોનુ સૂદ સાથે મળીને એક નવી પહેલ #ShikshaHarHaath (શિક્ષા હર હાથ)ની શરૂ કરવાની ઘોષણા કરી.
- લેફ્ટનન્ટ જનરલ ચંડી પ્રસાદ મોહંતી ઇન્ડિયન આર્મી સ્ટાફના નવા ઉપ-પ્રમુખ નિયુક્ત.
- ડેન્માર્કની અગ્રણી એન્જિનિયરીંગ કંપની રેમબોલે વિદ્યા બસરકોડને ભારતના કન્ટ્રી ડિરેક્ટર નિયુક્ત કર્યા.
- ગણતંત્ર દિવસની ઉજવણીમાં ઉત્તરપ્રદેશના રામ મંદિર ટેબ્લોએ પ્રથમ ક્રમ મેળવ્યો.

## 30 જાન્યુઆરી

- કલ્પના સંપત પ્રામેરિકા લાઇફ ઇન્સ્યોરન્સ લિ. (PLIL)નાં નવા MD અને CEO નિયુક્ત.
- કાનપુરના રમાઇપુરમાં ભારતનો પ્રથમ લેધર પાર્ક બનશે.
- અમેરિકાના દિગ્ગજ ભારતીય-અમેરિકન કોંગ્રેસી અમી બેરા એશિયા પેસિફિક, મધ્ય એશિયા અને અપ્રસાર (નોન-પ્રોલીફેરેશન) પરની હાઉસ ફોરેન સબકમિટીના ચેરમેન નિયુક્ત, તેઓ કોંગ્રેસમાં સૌથી લાંબો સમય સેવા આપનાર ભારતીય-અમેરિકન છે.
- સ્વામીનાથન જાનકીરમન અને અશ્વિની કુમાર તિવારી SBIના MD નિયુક્ત.
- જાપાનની ટોયોટા મોટર કોર્પ વર્ષ 2020માં વિશ્વની નંબર વન વાહન વિક્રેતા કંપની બની.
- રિલાયન્સ જિઓ પાંચમી સૌથી મજબૂત વૈશ્વિક બ્રાન્ડ બની.
- યુ. પી. સિંહ કાપડ મંત્રાલયના સચિવ નિયુક્ત.

## 31 જાન્યુઆરી

- ગુજરાતી અભિનેતા, નિર્માતા, લેખક, દિગ્દર્શક તથા બોલીવુડ અભિનેતા શર્મન જોશીના પિતા અરવિંદ જોશીનું નિધન.
- ટ્રાંસપરન્સી ઇન્ટરનેશનલના ભ્રષ્ટાચાર ઇન્ડેક્સ (કરપ્શન પરસેપ્શન ઇન્ડેક્સ-2020)માં ભારત 180 દેશોમાંથી 86મા ક્રમે. ન્યુઝીલેન્ડ અને ડેન્માર્ક 88 પોઇન્ટ્સ સાથે વિશ્વના સૌથી ઈમાનદાર દેશો.
- સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ ટી. એસ. તિરૂમૂર્તિએ UN પીસ બિલ્ડીંગને ફંડ આપવાની જાહેરાત કરી.
- ભારતીય ટેલિકોમ કંપની એરટેલ કોમર્સિયલ નેટવર્ક 5G ટેસ્ટ કરનાર દેશની પ્રથમ ટેલિકોમ ઓપરેટર કંપની બની.
- અર્થશાસ્ત્રી જેનેટ યેલન અમેરિકાના પ્રથમ મહિલા નાણામંત્રી બન્યાં.
- ભારતે બીટકોઇન જેવી ખાનગી ક્રિપ્ટો કરન્સી પર પ્રતિબંધ મુકવા માટે 'ક્રિપ્ટો કરન્સી એન્ડ રેગ્યુલેશન ઓફ ઓફિસિયલ ડિજિટલ કરન્સી બિલ-2021' તૈયાર કર્યું.



12 પાસ,
ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

## અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં

લાખો વિદ્યાર્થીઓએ વખાણી
**Quality** એટલે
**Crack GPSC**

## ઘરે બેઠાં તૈયારી કરો,
## મોબાઈલ કે ટેબ્લેટ પરથી

કલાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

આ એપ ડાઉનલોડ કરી
ફ્રી ડેમો વિડિયો જુઓ,
આપને ખરેખર લાગશે કે
કોઈ ક્લાસ કરવાની જરૂર જ નથી.

## એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, કલાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

## કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

## ડાઉનલોડ કરો Crack GPSC એપ
## અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

76000 51070

Crack G GPSC
ક્રેક GPSC